सत्यमेव जयते
भारत सरकार / Government of India

# सरकारी राजपत्र
# OFFICIAL GAZETTE

## संघ प्रदेश दादरा एवं नगर हवेली तथा दमण एवं दीव प्रशासन
## U.T. ADMINISTRATION OF DADRA AND NAGAR HAVELI AND DAMAN AND DIU

## असाधारण
## EXTRAORDINARY

प्राधिकरण द्वारा प्रकाशित / PUBLISHED BY AUTHORITY

**Daman 30th April, 2026 10 Vaisakha, 1948 (Saka) No. : 23**

**U. T. Administration of Dadra and Nagar Haveli and Daman and Diu**
**Department of Planning & Statistics,**
**Near District Court Campus, Fort Area, Moti Daman - 396220**

**No.: DPS/CENSUS 2027/APPO. OF CENSUS FUNC/2026-27/1253 Date: 30/04/2025**

Sub. Regarding republishing of Notification for Responsibilities and Duties of the public under the Census Act, 1948,

With reference to the above cited subject, the Circular No. 15 dated 12/03/2026 from the Registrar General & Census Commissioner, Ministry of Home Affairs, Government of India, New Delhi regarding "Responsibilities and duties of the public under the Census Act, 1948 directing the public to cooperate in smooth conduct of Census of India 2027" is hereby republish in the official Gazette of the U.T. Administration of Dadra & Nagar Haveli and Daman & Diu for general information.

Sd/–
**(Dr. Sanjam Singh)**
Dy. Director (Planning and Statistics)
DNH & DD.

**F.No. 9/3/2026-CD(Cen)1**
**भारत सरकार/Government of India**
**गृह मंत्रालय/Ministry of Home Affairs**
**भारत के महारजिस्ट्रार एवं जनगणना आयुक्त का कार्यालय**
**Office of the Registrar General & Census Commissioner, India**
**जनगणना भवन, टावर-ए, 2-प, मान सिंह रोड, नई दिल्ली-110011**
**Janganana Bhawan, Tower-A, 2/A, Man Singh Road,**
**New Delhi-110011.**

**Dated: 12.03.2026**

## CENSUS OF INDIA 2027-CIRCULAR No. 15

**Subject: Responsibilities and duties of the public under the Census Act, 1948 and Issue of Notification by the State Government/UT administrations directing the public to cooperate in smooth conduct of Census of India 2027.**

The Census of India is conducted under the provisions of the Census Act, 1948 (37 of 1948) and Census Rules, 1990 and amendments made thereunder. The 1st phase of the ensuing Census 2027, i.e. Houselisting & Housing Census is scheduled to be conducted during April-September, 2026 in all States/UTs in 30 days period as per the period notified by each State and Union territory alongwith option for Self-enumeration which shall be conducted in 15 days' time period just before the start of house to house Houselisting operation of 30 days. During this phase, data on housing conditions, household amenities and assets possessed by the households would be collected. The Census questions for the Houselisting & Housing Census have already been notified in the Gazette of India vide S.O No.353(E) dated 22nd January, 2026. The 2nd phase, i.e., Population Enumeration (PE) of the Census 2027 would be conducted in the country during February, 2027 followed by a Revisional round from 1st to 5th March, 2027 except for the Union territory of Ladakh and snow-bound non-synchronous areas of the Union territory of Jammu and Kashmir and the States of Himachal Pradesh and Uttarakhand where it would be conducted during September, 2026 followed by a revisional round from 1st October to 5th October, 2026 wherein individual level information on various demographic, socio-cultural, economic, migration & fertility parameters would be collected. The period and questions of the 2nd phase will be notified in due course.

2. The Population Census being a gigantic task of National importance, its success would largely depend upon the cooperation from various quarters including the public. It is imperative to bring to the notice of the public, the utility of Census data and maintaining confidentiality of the individual level information as per Section 15 of the Census Act, 1948. At the same time, as per the Rule 8 (ii) of the Census Rules, 1990, the State Governments and the Union Territory Administrations are required to publish a notification directing the public to cooperate in furnishing accurate and unambiguous information in respect of the questions that may be put to them through census along with an extract of penalties prescribed under section 11 of the Act. The contents, covering utility of Census data and relevant extracts of the Census Act, 1948, for the said notification to be published by the respective State/UT Governments are detailed below:

(i) The Census is the primary source of data up to the lowest administrative units, i.e. villages in rural areas and town/wards in urban areas on Housing Condition; Amenities & Assets, Demography, Literacy, Religion, Economic Activity, Migration, Fertility etc.

It is widely used for planning and formulation of policies and effective Public Administration by the Central/State/UT Governments. Apart from this, Census data are used for delimitation and reservation of Constituencies for Parliamentary, Assembly, Panchayats and other Local Bodies. Thus, the public are to cooperate in census taking and provide the correct information. Some of the important provisions in the Census Act, 1948 are reproduced below for information of the public.

(ii) Section 8:- **Asking of questions and obligation to answer.**

(1) A census-officer may ask all such questions of all persons within the limits of the local area for which he is appointed as, by instructions issued in this behalf by the Central Government and published in the Official Gazette, he may be directed to ask.

(2) Every person of whom any question is asked under sub-section (1) shall be legally bound to answer such question to the best of his knowledge or belief:

Provided that no person shall be bound to state the name of any female member of his household, and no woman shall be bound to state the name of her husband or deceased husband or of any other person whose name she is forbidden by custom to mention.

(iii) Section 9:- **Occupier to permit access and affixing of numbers.**

Every person occupying any house, enclosure, vessel or other place shall allow census-officers such access thereto as they may require for the purposes of the census and as, having regard to the customs of the country, may be reasonable, and shall allow them to paint on, or affix to, the place such letters, marks or numbers as may be necessary for the purposes of the census.

(iv) Section 10:- **Occupier or manager to fill up schedule.**

(1) Subject to such orders as the Census Commissioner may issue in this behalf, a census-officer may, within the local area for which he is appointed, leave or cause to be left a schedule at any dwelling-house or with the manager or any officer of any commercial or industrial establishment, for the purpose of its being filled up by the occupiers of such house or of any specified part thereof or by such manager or officer with such particulars as the Census Commissioner may direct regarding the inmates of such house or part thereof, or the persons employed under such manager or officer, as the case may be, at the time of the taking of the census.

(2) When such schedule has been so left, the said occupier, manager or officer, as the case may be, shall fill it up or cause it to be filled up to the best of his knowledge or belief so far as regards the inmates of such house or part thereof or the persons employed under him, as the case may be, at the time aforesaid,

and shall sign his name thereto and, when so required, shall deliver the schedule so filled up and signed to the census-officer or to such person as the census-officer may direct.

(v) Section 11:- **Penalties.**

(1) – (a) Any census-officer or any person lawfully required to give assistance towards the taking of census who refuses to perform any duty imposed upon him by this Act or any rule made thereunder, or any person who hinders or obstructs another person in performing any such duty, or

(aa) any census-officer or any person lawfully required to give assistance towards the taking of a census who neglects to use reasonable diligence in performing any duty imposed upon him or in obeying any order issued to him in accordance with this Act or any rule made thereunder, or any person who hinders or obstructs another person in performing any such duty or obeying any such order, or;

(d) any person who intentionally gives a false answer to, or refuses to answer to the best of his knowledge or belief, any question asked of him by a census-officer which he is legally bound by section 8 to answer, or

(e) any person occupying any house, enclosure, vessel or other place who refuses to allow a census- officer such reasonable access thereto as he is required by section 9 to allow, or

(f) any person who removes, obliterates, alters, or damages any letters, marks or numbers which have been painted or affixed for the purposes of the census, or

(g) any person who, having been required under section 10 to fill up a schedule, knowingly and without sufficient cause fails to comply with the provisions of that section, or makes any false return there under, or

(h) any person who trespasses into a census office,

shall be punishable with fine which may extend to one thousand rupees and in case of a conviction under part (a) shall also be punishable with imprisonment which may extend to three years.

(2) Whoever abets any offence under sub-section (1) shall be punishable with fine which may extend to one thousand rupees.

(vi) Section 15:- **Records of census not open to inspection nor admissible in evidence.**

No person shall have a right to inspect any book, register or record made by census-officer in the discharge of his duty as such, or any schedule delivered under section 10, and notwithstanding anything to the contrary in the *Bharatiya Sakshya Adhiniyam,* 2023(47 of 2023), no entry in any such book, register, record or schedule shall be admissible as evidence in any civil proceeding whatsoever or in any criminal proceeding other than a prosecution under this Act or any other law for any act or omission which constitutes an offence under this Act.

3. The upcoming Census 2027 shall be conducted through digital means and a provision for self-enumeration will also be available. The period for the Houselisting & Housing Census has already been notified in the Gazette of India vide S.O No.99(E) dated 7th January, 2026. Therefore, people in the state may be encouraged to submit the information through self-enumeration.

4. The State Government/UT Administration are requested to get the notification published in this regard as per Census Rule 8(ii) of Census rules, 1990 so that the above provisions of the Act are made public well before the Houselisting & Housing Census in your State/UT.

5. A copy of the notification may also be sent to this office for information.

Sd/–
**(Mritunjay Kumar Narayanm)**
Registrar General & Census Commissioner of India

**GOVERNMENT OF INDIA/भारतसरकार**
**MINISTRY OF HOME AFFAIRS/गृहमंत्रालय**
**DIRECTORATE OF CENSUS OPERATIONS,**
**Gujarat, Dadra &Nagar Haveli & Daman & Diu /**
**जनगणनाकार्यनिदेशालय,गुजरात, दादरा व नगर हवेली वदमण व दीव**
**Census Bhavan, Sector 10/A, Gandhinagar - 382010**

**No. CEN-2027/19013/1/2026-DCO(Guj)/C.No.56386/741** **Date : 23/03/2026**

# ભારતની જનગણના-2027 પરિપત્ર નં. 8

**વિષય: જનગણના અધિનિયમ, 1948 હેઠળ લોકોની જવાબદારીઓ અને ફરજો તથા ભારતની જનગણના 2027ના સુચારૂં સંચાલનમાં સહભાગી થવા માટે લોકોને આદેશ આપતું રાજ્ય સરકાર/સંઘ પ્રદેશ સરકાર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવા અંગે.**

ભારતની જનગણના એ જનગણના અધિનિયમ, 1948 (1948નો 37) અને જનગણના નિયમો, 1990ની જોગવાઈઓ અને તેના હેઠળ કરવામાં આવેલા સુધારા હેઠળ હાથ ધરવામાં આવે છે. આગામી જનગણના 2027નો પ્રથમ તબક્કો, એટલે કે, ઘરયાદી અને મકાનોની ગણતરી, ગુજરાત રાજ્યમાં 20 એપ્રિલ, 2026 થી 19 મે, 2026 દરમિયાન 30 દિવસના સમયગાળા દરમિયાન હાથ ધરવામાં આવશે, અને સ્વ-ગણતરી માટેનો વિકલ્પ પણ ઉપલબ્ધ છે, જે 30-દિવસીય ઘરે ઘરે જઈને ઘરયાદી બનાવવાની કવાયત શરૂ થાય તેના 15 દિવસ પહેલા હાથ ધરવામાં આવશે. આ તબક્કા દરમિયાન, ઘરોની સ્થિતિ, કુટુંબો પાસે ઉપલબ્ધ સુવિધાઓ અને અસ્કયામતોનો ડેટા એકત્રિત કરવામાં આવશે. ઘરયાદી અને મકાનોની ગણતરી માટેના જનગણનાના પ્રશ્નો તા.19 ફેબ્રુઆરી, 2026ના રોજ ગુજરાત રાજ્યના રાજપત્રમાં પ્રકાશિત કરવામાં આવેલ છે. જનગણના 2027નો બીજો તબક્કો, એટલે કે વસ્તીની ગણતરી, સમગ્ર દેશમાં ફેબ્રુઆરી 2027માં હાથ ધરવામાં આવશે, ત્યારબાદ 1 થી 5 માર્ચ, 2027 દરમિયાન 'ફેર ચકાસણી રાઉન્ડ' કરવામાં આવશે., જેમાં વિવિધ વસ્તી વિષયક, સામાજિક-સાંસ્કૃતિક, આર્થિક, સ્થળાંતર અને પ્રજનનતા જેવા પરિમાણો પર વ્યક્તિગત-સ્તરની માહિતી એકત્રિત કરવામાં આવશે. બીજા તબક્કા માટેનો સમયગાળો અને પ્રશ્નો યોગ્ય સમયે સૂચિત કરવામાં આવશે.

2. જનગણના એ રાષ્ટ્રીય મહત્વનું એક વિશાળ કાર્ય છે, અને તેની સફળતા મોટાભાગે લોકો સહિત વિવિધ ક્ષેત્રોના સહયોગ પર આધાર રાખે છે. જનગણના અધિનિયમ, 1948ની કલમ 15 મુજબ જનગણનાના ડેટાની ઉપયોગિતા અને વ્યક્તિગત માહિતીની ગુપ્તતા જાળવવા સંબંધિત જોગવાઈઓ વિશે લોકોને જાગૃત કરવી જરૂરી છે. વધુમાં, જનગણના નિયમો, 1990ના નિયમ 8(ii) મુજબ, રાજ્ય સરકારો અને સંઘ પ્રદેશ વહીવટીતંત્રોએ એક જાહેરનામું પ્રકાશિત કરવાની જરૂર છે જેમાં લોકોને જનગણના દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નો અંગે સચોટ અને સ્પષ્ટ માહિતી પ્રદાન કરવામાં સહયોગ કરવાનો નિર્દેશ આપવામાં આવે છે, સાથે જ કાયદાની કલમ 11 હેઠળ નિર્ધારિત દંડનો ઉલ્લેખ પણ કરવામાં આવે છે. આ જાહારનામા માટે, જનગણનાના ડેટાની ઉપયોગિતા અને જનગણના અધિનિયમ, 1948ની સંબંધિત જોગવાઈઓ, જે સંબંધિત રાજ્ય/સંઘ પ્રદેશ સરકારો દ્વારા પ્રકાશિત થનારા જાહેરનામામાં સમાવિષ્ટ કરવામાં આવશે, જે નીચે દર્શાવેલ છે:

(i) જનગણના એ ઘરની સ્થિતિ, સુવિધાઓ અને અસ્કયામતો, વસ્તી વિષયક માહિતી, સાક્ષરતા, ધર્મ, આર્થિક પ્રવૃત્તિ, સ્થળાંતર, પ્રજનનતા વગેરે પર ઉપલબ્ધ માહિતીનો પ્રાથમિક સ્રોત છે જે ગ્રામીણ વિસ્તારોમાં ગામડાઓ અને શહેરી વિસ્તારોમાં શહેરો/વોર્ડ જેવા સૌથી નીચેના વહીવટી એકમો સુધી ઉપલબ્ધ છે.

કેન્દ્ર/રાજ્ય/સંઘ પ્રદેશ સરકારો દ્વારા આયોજન, નીતિ નિર્માણ અને અસરકારક જાહેર વહીવટ માટે તેનો વ્યાપકપણે ઉપયોગ થાય છે. વધુમાં, જનગણનાના ડેટાનો ઉપયોગ સંસદીય, વિધાનસભા, પંચાયત અને અન્ય સ્થાનિક સ્વરાજના મતવિસ્તારોના સીમાંકન અને અનામત માટે પણ થાય છે. તેથી, જાહેર લોકોને જનગણનાના કાર્યમાં સહયોગ કરવા અને સચોટ માહિતી પૂરી પાડવા વિનંતી છે. જનગણના અધિનિયમ, 1948ની કેટલીક મહત્વપૂર્ણ જોગવાઈઓ જાહેર લોકોની માહિતી માટે નીચે આપેલ છે:

**(ii) કલમ 8:- પ્રશ્નો પૂછવા અને તેમના જવાબ આપવાની જવાબદારી**

(1) જનગણના અધિકારી જે સ્થાનિક વિસ્તાર માટે નિયુક્ત થયા છે, તે સ્થાનિક વિસ્તારની હદમાંના તમામ વ્યક્તિઓને એવા બધા પ્રશ્નો પૂછી શકશે જેને પૂછવા માટે, તેમને કેન્દ્ર સરકાર દ્વારા આ અર્થે બહાર પાડેલ અને રાજપત્રમાં પ્રકાશિત કરાયેલી સૂચનાઓ દ્વારા નિર્દેશ આપવામાં આવે..

(2) પેટા-કલમ (1) હેઠળ પ્રશ્ન પૂછવામાં આવેલ હોય તે દરેક વ્યક્તિ કાયદેસર રીતે તેના શ્રેષ્ઠ જ્ઞાન અથવા માન્યતા મુજબ તે પ્રશ્નનો જવાબ આપવા માટે બંધાયેલો રહેશે:

પરંતુ કોઈ પણ વ્યક્તિ પોતાના પરિવારની કોઈપણ સ્ત્રી સભ્યનું નામ જાહેર કરવા માટે બંધાયેલી રહેશે નહીં અને કોઈ પણ સ્ત્રી પોતાના પતિ અથવા મૃત પતિનું નામ અથવા રિવાજ દ્વારા જેનું નામ જાહેર કરવાની મનાઈ હોય તેવી કોઈપણ અન્ય વ્યક્તિનું નામ જાહેર કરવા માટે બંધાયેલી રહેશે નહીં.

**(iii) કલમ 9:- ઘરમાં પ્રવેશવા અને નંબરો લખવાની પરવાનગી આપવી-**

કોઈપણ ઘર, પરિસર/પ્રાંગણ, વાડા, જહાજ અથવા અન્ય સ્થળે રહેતી દરેક વ્યક્તિ જનગણના અધિકારીઓને જનગણનાના હેતુ માટે જરૂરી હોય તે રીતે અને દેશના રિવાજોને ધ્યાનમાં રાખીને, વાજબી હોય તે રીતે પ્રવેશની મંજૂરી આપશે, અને તેમને જનગણનાના હેતુ માટે જરૂરી હોય તેવા અક્ષરો, ચિહ્નો અથવા નંબરોને ચિહ્નિત કરવાની અથવા કરાવવાની કે લગાડવાની મંજૂરી આપશે.

**(iv) કલમ 10:- કબજેદાર અથવા વ્યવસ્થાપક(મેનેજર) દ્વારા પત્રક ભરવું.**

(1) જનગણના કમિશ્નર આ અર્થે બહાર પાડે તે હૂકમોને આધિન રહીને જનગણના અધિકારી, જેને માટે નિમાયેલ હોય તે સ્થાનિક વિસ્તારમાંના કોઈ રહેણાંક ઘરે, અથવા કોઈ વાણિજ્ય કે ઔદ્યોગિક સંસ્થાના વ્યવસ્થાપક અથવા કોઈ અધિકારી સમક્ષ તે ઘર અથવા તેના કોઈ નિર્દિષ્ટ ભાગમાં રહેનાર અથવા તે વ્યવસ્થાપક કે અધિકારીએ તે ઘર અથવા તેના તે ભાગમાંના જનગણનાના સમયગાળા દરમિયાનના રહીશો સંબંધી અથવા પોતાની નીચે કામે રાખેલ હોય તે વ્યક્તિઓ સંબંધી જનગણના કમિશ્નર આદેશ આપે તે વિગતો ભરી દેવા માટે જનગણના અધિકારી અનુસૂચિ મૂકી કે મૂકાવી શકશે.

(2) જ્યારે તે અનુસૂચિ તે રીતે મૂકવામાં આવેલ હોય ત્યારે ઉપર્યુક્ત વખતના સુસંગત પ્રસંગ, તે ઘર કે તેના ભાગમાંના રહીશો અથવા તેના હાથ નીચે કામે રાખેલ વ્યક્તિઓ સંબંધી પૂરી જાણકારી કે માન્યતા પ્રમાણે, યથા પ્રસંગ સદરહુ રહેનાર વ્યવસ્થાપક કે અધિકારીએ તે ભરવી જોઈશે અથવા ભરાવવી જોઈશે અને તે ઉપર પોતાની સહી કરવી જોઈશે અને જ્યારે તેમ ફરમાવવામાં આવે ત્યારે તે રીતે ભરેલ અને સહી કરેલ અનુસૂચિ જનગણના અધિકારીને અથવા જનગણના અધિકારી ફરમાવે તે વ્યક્તિને સોંપવી જોઈશે.

**(v) કલમ 11:- દંડ**

(1) (ક) કોઈપણ જનગણના અધિકારી અથવા કોઈપણ વ્યક્તિ જેને કાયદેસર રીતે જનગણના કરવામાં સહાય આપવા ફરમાવવામાં આવેલ હોય, તે વ્યક્તિ આ અધિનિયમ કે તેના હેઠળ બનાવેલા કોઈપણ નિયમ દ્વારા તેના આપવામાં આવેલી કોઈપણ ફરજ બજાવવાનો ઇનકાર કરે છે અથવા કોઈપણ વ્યક્તિ જે આવી કોઈપણ ફરજ બજાવવામાં અન્ય વ્યક્તિને અવરોધે છે અથવા અટકાવે છે, અથવા

(કક) કોઈપણ જનગણના અધિકારી અથવા કોઈપણ વ્યક્તિ જેને જનગણના કરવામાં સહાય કરવાની કાયદેસર ફરજ ફરમાવવામાં આવે, જેણે આ અધિનિયમ અથવા તેના હેઠળ બનાવેલા કોઈપણ નિયમ દ્વારા, તેના પર લાદવામાં આવેલી કોઈપણ ફરજ બજાવવામાં અથવા તેને આપવામાં આવેલા કોઈપણ આદેશનું પાલન કરવામાં વાજબી ખંત ન દાખવે, અથવા કોઈપણ વ્યક્તિ જે આવી કોઈપણ ફરજ બજાવવામાં અથવા આવા કોઈપણ આદેશનું પાલન કરવામાં અન્ય કોઈપણ વ્યક્તિને અવરોધે છે અથવા અટકાવે છે, અથવા

ઘ) કોઈપણ વ્યક્તિ જે જનગણના અધિકારી દ્વારા પૂછવામાં આવેલા કોઈપણ પ્રશ્નનો ઈરાદાપૂર્વક ખોટો જવાબ આપે છે, અથવા તેના શ્રેષ્ઠ જ્ઞાન અથવા માન્યતા મુજબ જવાબ આપવાનો ઇનકાર કરે છે, જેનો જવાબ તે કલમ 8 દ્વારા કાયદેસર રીતે આપવા માટે બંધાયેલો છે, અથવા

(ડ) કોઈપણ ઘર, પરિસર/પ્રાંગણ, વાડા અથવા અન્ય સ્થળનો કબજો ધરાવતી કોઈપણ વ્યક્તિ જે જનગણના અધિકારીને કલમ 9 દ્વારા જરૂરી હોય તેટલા વાજબી પ્રવેશની મંજૂરી આપવાનો ઇનકાર કરે છે, અથવા

(ચ) કોઈપણ વ્યક્તિ જે જનગણનાના હેતુ માટે ચિહ્નિત અથવા ચોંટાડેલા કોઈપણ અક્ષરો, ચિહ્નો અથવા આકૃતિઓને દૂર કરે છે, ભૂંસી નાખે છે, બદલી નાખે છે અથવા નુકસાન પહોંચાડે છે, અથવા

(છ) કોઈપણ વ્યક્તિ, જેને કલમ 10 હેઠળ અનુસૂચિ ભરવાની ફરજ પાડવામાં આવી હોવા છતાં, જાણી જોઈને અને પૂરતા કારણ વિના તે કલમની જોગવાઈઓનું પાલન કરવામાં નિષ્ફળ જાય છે અથવા તે હેઠળ ખોટી વિગતો ભરે છે, અથવા

(h) કોઈપણ વ્યક્તિ જે જનગણના કચેરીમાં અતિક્રમણ કરે છે,

એક હજાર રૂપિયા સુધીના દંડની સજાને પાત્ર થશે અને ભાગ (ક) હેઠળ દોષિત ઠેરવવાના કિસ્સામાં ત્રણ વર્ષ સુધીની કેદની સજાને પાત્ર પણ થશે.

(૨) જે કોઈ પેટા-કલમ(1) હેઠળ કોઈપણ ગુનામાં મદદ કરશે તેને એક હજાર રૂપિયા સુધીના દંડની સજા થશે.

**vi) કલમ 15 - જનગણનાના રેકોર્ડનું નિરીક્ષણ કરી શકાશે નહીં કે પુરાવા તરીકે સ્વીકાર્ય રહેશે નહીં-**

કોઈપણ વ્યક્તિને જનગણના અધિકારી દ્વારા તેની ફરજ બજાવતી વખતે તૈયાર કરાયેલ કોઈપણ પુસ્તક, રજિસ્ટર અથવા રેકોર્ડનું નિરીક્ષણ કરવાનો અધિકાર રહેશે નહીં, અથવા કલમ 10 હેઠળ આપવામાં આવેલ કોઈપણ સમયપત્રકનું નિરીક્ષણ કરવાનો અધિકાર રહેશે નહીં, અને ભારતીય પુરાવા અધિનિયમ, 2023 (2023 નો 47)ની વિપરીત કંઈપણ હોવા છતાં, આવા કોઈપણ પુસ્તક, રજિસ્ટર, રેકોર્ડ અથવા પત્રકમાં કરેલ કોઈપણ નોંધ કોઈપણ દીવાની કાર્યવાહીમાં અથવા કોઈપણ ફોજદારી કાર્યવાહીમાં, આ અધિનિયમ અથવા અન્ય કોઈપણ કાયદા હેઠળ કાર્યવાહી સિવાય, કોઈપણ કૃત્ય અથવા ભૂલ માટે પુરાવા તરીકે સ્વીકાર્ય રહેશે નહીં જે આ અધિનિયમ હેઠળ ગુનો બને છે.

3. આગામી જનગણના 2027 ડિજિટલ રીતે હાથ ધરવામાં આવશે, અને સ્વ-ગણતરીનો વિકલ્પ પણ ઉપલબ્ધ રહેશે. ઘરયાદી અને મકાનોની ગણતરી માટેનો સમયગાળો તા.02/02/2026ના રોજ ગુજરાત સરકારના રાજપત્રમાં પહેલાથી જ સૂચિત કરવામાં આવ્યો છે. તેથી, રાજ્યના લોકોને સ્વ-ગણતરી દ્વારા માહિતી પૂરી પાડવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ.

રાજ્ય સરકાર/સંઘ પ્રદેશ વહીવટીતંત્રને વિનંતી કરવામાં આવે છે કે તેઓ જનગણના નિયમો, 1990ના નિયમ 8 (ii) મુજબ આ સંદર્ભમાં એક જાહેરનામું પ્રકાશિત કરે જેથી રાજ્ય/સંઘ પ્રદેશમાં ઘરયાદી અને મકાનોની ગણતરી પહેલાં કાયદાની ઉપરોક્ત જોગવાઈઓ જાહેર કરવામાં આવે.

આપનો વિશ્વાસુ

હ/–

**(સુજલ જે. મયાત્રા, I.A.S.)**

નિયામક

***